## જન્મદિને વધામણી



મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦



સંધ્યા દિપકકુમાર ગોહિલ
મો. ૯૬૮૭૦ ૪૫૯૫૪



જીહાન મેહુલભાઈ મણિયાર
મો. ૯૮૨૪૦ ૪૧૭૧૨

# બેંગ્લોરમાં આયોજિત તાલીમમાં રાજ્યના બે વિશિષ્ટ શિક્ષકો જોડાશે





ગાંધીનગર, તા. ૧૯

માનસિક વિશિષ્ટ વ્યક્તિઓને સૅલ્ફ ઍડવોકેસી માટે તૈયાર કરવા બેંગ્લોર ખાતે આયોજિત માસ્ટર ટ્રેનર તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે નગરના બે વિશિષ્ટ શિક્ષકો શનિવારે રવાના થઈ રહ્યા છે.

ગુજરાત પૅરેન્ટ્સ ફૅડરેશનના ભાનુપ્રસાદ ચૌહાણે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ઑલ ઈન્ડિયા પૅરેન્ટ્સ ફૅડરેશન ફૉર મૅન્ટલી રીટાર્ડેડ દ્વારા આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાગ લેવા માટે સમગ્ર દેશના પ્રત્યેક રાજ્યમાંથી બે વિશિષ્ટ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યમાંથી ગાંધીનગર શહેરના જિજ્ઞેશ રાવલ અને સોનલ ચૌહાણ આ તાલીમ લેવા માટે શનિવારે રવાના થઈ રહ્યા છે. બેંગ્લોર ખાતે તાલીમ લીધા બાદ તેઓ ગુજરાતના જિલ્લાઓમાં આ તાલીમ વિશિષ્ટ શિક્ષકો અને માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્રમાં કાર્ય કરતા રસજ્ઞોને પૂરી પાડશે.

બંને પ્રશિક્ષકોને આ તાલીમ કાર્યક્રમ માટે શહેર-રાજ્યના પ્રબુદ્ધો તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## શ્રીમદ્ ‘ભગવદ્ગીતા‘નું આજે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૯

કરસનભાઈ વાલજીભાઈ પટેલની પ્રેરણાથી પ્રકાશિત ગીતાજ્ઞાનની સરવાણી વહાવતા પુસ્તક ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’નું લોકાર્પણ શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં ગંગારામભાઈ પટેલે જણાવ્યું છે કે લેખક, સંપાદક રાજ ભાસ્કરના પુસ્તક ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’નો આ લોકાર્પણ સમારોહ તા. ૨૦ મે ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઊંઝા વિસ્તારના ધારાસભ્ય અને ઉમિયા માતા સંસ્થાન ટ્રસ્ટ, ઊંઝાના પ્રમુખ નારણભાઈ લલ્લુભાઈ પટેલ (નારણકાકા), મુખ્ય વક્તા તરીકે નિવૃત્ત સનદી અધિકારી ભાગ્યેશ જ્હા અને અતિથિ વિશેષ તરીકે સાધના સાપ્તાહિકના તંત્રી મુકેશભાઈ શાહ તથા ઉદ્યોગપતિ રાજેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહેશે. અતિથિઓ ઉપરાંત કરસનભાઈ પટેલ પણ આ પ્રસંગે આશીર્વચન પાઠવશે.

# સાયન્સની ઉત્તરવહીના અવલોકન માટે વિદ્યાર્થીઓ ૨૩ મે સુધી અરજી કરી શકશે

### વિદ્યાર્થી ત્રણ માસ બાદ નામ અથવા અટકમાં સુધારા માટે બોર્ડ સમક્ષ અરજી કરશે તો તેની પાસેથી ફી પેટે રૂ. ૫૦ વસૂલ કરાશે

ગાંધીનગર, તા. ૧૯

સાયન્સ ચોથા સેમેસ્ટરનું પરિણામ જાહેર થયા બાદ ગુણ ચકાસણી, ઉત્તરવહી અવલોકન તથા OMR ઝેરોક્ષ મેળવવા માટેની કાર્યવાહી બોર્ડ દ્વારા હાથ ધરાઈ છે. જેમાં વિદ્યાર્થીઓ ૨૩ મે સુધી અરજી કરી શકે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરાઈ છે. સાયન્સનું પરિણામ જાહેર થતા સાથે જ બોર્ડ દ્વારા તેને આનુષાંગિક કાર્યવાહી માટેની જાહેરાત કરી દેવામાં આવી હતી. બોર્ડના પરિણામથી સંતુષ્ટ ન હોય તેવા વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી અને ઉત્તરવહી અવલોકન માટે આ વ્યવસ્થા હેઠળ અરજીઓ કરી શકે તેવી ગોઠવણ કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા સાયન્સનું પરિણામ જાહેર કરાયા બાદ પરિણામ પછીની કાર્યવાહી માટેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. સાયન્સના પરિણામ જાહેર થયા બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા માંગતા હોય તેમણે આ વ્યવસ્થાનો લાભ લેવાનો રહે છે. ૧૬ મેથી આ કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો છે, જે ૨૩ મે સુધી કાયમ રહેશે. ગુણ ચકાસણીમાં ઉત્તરવહી દીઠ રૂ. ૧૦૦ ફી ભરવાની રહેશે અને તેમાં પાર્ટ-બીની ઉત્તરવહીની ગુણ ચકાસણી કરાશે. જ્યારે નામ અથવા તો અટકમાં સુધારો કરાવવો હોય તો પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થી અરજી કરી શકશે. પરંતુ જો વિદ્યાર્થી ત્રણ માસ બાદ નામ અથવા અટકમાં સુધારા માટે બોર્ડ સમક્ષ અરજી કરશે તો તેની પાસેથી ફી પેટે રૂ. ૫૦ વસુલ કરાશે.

ઉપરાંત ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી માટે પણ વિદ્યાર્થીઓએ ૧૬ મેથી ૨૩ મે દરમિયાન બોર્ડ સમક્ષ અરજી કરવાની રહેશે. ઉત્તરવહી અવલોકન મુખ્ય ચાર વિષયની જ કરી શકાય છે અને તેમાં ઉત્તરવહી દીઠ રૂ. ૩૦૦ ફી પેટે ભરવાના હોય છે. ઉપરાંત વિદ્યાર્થી OMR ઝેરોક્ષ અને સેમેસ્ટર-૪ માટે વેરિફિકેશન રિપોર્ટ મેળવવા માંગતા હોય તેમણે પણ ૧૬ મેથી ૨૩ મે દરમિયાન જ બોર્ડ સમક્ષ અરજી કરવાની રહેશે. જેમાં OMRની ઝેરોક્ષ માટે OMR દીઠ રૂ. ૧૦૦ ફી પેટે વસૂલ કરવામાં આવશે.

## ડાયરેક્ટ સે

નફરતને ભલે
એક તક આપો
કે એ સારા સંબંધમાં બદલાય
પરંતુ
સારા સંબંધને
એક પણ તક ન આપશો
કે એ નફરતમાં બદલાય

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-3**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧૨.૩૦
હિન્દી મીડિયમ
૪.૦૦, ૭.૦૦,
૧૦.૦૦

# સીબીઍસસીના વિદ્યાર્થીઓને ૬થી ૧૦ ગુણ ઓછા મળશે

### મોડરેશન ગુણ રદ કરવાનો નિર્ણય : વિદ્યાર્થીઓનું પરિણામ નીચું જશે અને નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધશે

ગાંધીનગર, તા. ૧૯

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા આ વર્ષે જાહેર થનારા પરિણામમાં વિદ્યાર્થીઓને સરેરાશ ૬થી ૧૦ માર્ક ઓછા મળે તેવી શક્યતા છે. તાજેતરમાં મળેલી બોર્ડની બેઠકમાં મોડરેશન (સમાનતા) દ્વારા વિદ્યાર્થીઓના ગુણ વધારવાની જે પધ્ધતિ હતી, તે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પગલે હવે જાહેર થનારા પરિણામમાં વિદ્યાર્થીઓના આ ગુણ મળશે નહીં. જેના કારણે વિદ્યાર્થીઓના કુલ ગુણ તથા વિષય દીઠ ગુણ સરેરાશ ૧૦ ગુણ સુધી ઘટશે. આ નિર્ણયના લીધે CBSEના પરિણામમાં પણ સામાન્ય ઘટાડો થશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

CBSE બોર્ડ દ્વારા માર્ચથી એપ્રિલ દરમિયાન ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામ આગામી સપ્તાહમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. પરંતુ તે ઉત્સાહ પરિણામ આવ્યા બાદ શાંત પડે તેવી શક્યતાઓ જણાઈ રહી છે. બોર્ડના પરિણામમાં વિદ્યાર્થીઓને મળનારા ગુણ અને પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થાય તેવા સંજોગો ઊભા થયા છે.

૨૪ એપ્રિલના રોજ બોર્ડની બેઠક મળી હતી અને તેમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા મોડરેશન ગુણ રદ કરવાનો નિર્ણય લેવાયો છે. જેથી આગામી પરિણામમાં વિદ્યાર્થીઓને મોડરેશન ગુણ મળશે નહીં. બોર્ડ દ્વારા ૨૦૧૬માં જાહેર કરવામાં આવેલા પરિણામમાં ગણિતમાં ઓલ ઈન્ડિયાના વિદ્યાર્થીઓને મોડરેશનના ૧૬ અને દિલ્હીના વિદ્યાર્થીઓને ૧૫ ગુણ આપવામાં આવ્યા હતા. જેના પગલે પરિણામ ૮૩.૦૫ ટકા જેટલું ઊંચું ગયું હતું. જેમાં ૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ તો એવા હતા કે જેમને ૯૦ ટકા કરતા વધુ માર્ક મળ્યા હતા. આ પરિણામ બાદ મોડરેશન ગુણને લઈને વિવાદ થયો હતો અને બોર્ડ દ્વારા આ પધ્ધતિ માટે પુનઃ વિચારણા શરૂ કરી હતી. વિચારણાના અંતે તાજેતરની બેઠકમાં મોડરેશન ગુણ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મોડરેશન ગુણ રદ કરવામાં આવતા હવે આગામી પરિણામમાં વિદ્યાર્થીઓને આ ગુણ મળશે નહીં. જેના પગલે વિદ્યાર્થીઓના પરિણામમાં ૬થી લઈને ૧૦ ગુણ જેટલો ઘટાડો થાય તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ઉપરાંત બોર્ડના ઓવરઓલ પરિણામમાં પણ પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે.

આ નિર્ણયના પગલે બોર્ડનું પરિણામ સામાન્ય ઘટશે તેવી આશંકા વ્યક્ત થઈ રહી છે. બોર્ડ દ્વારા આપવામાં આવતા મોડરેશન ગુણથી અનેક વિદ્યાર્થીઓ કે જે થોડાક માર્ક માટે નાપાસ થતા હોય છે તે પાસ થઈ જતાં હતા અને તેના લીધે પરિણામ આંશિક વધતું હતું. પરંતુ હવે મોડરેશનના ગુણ રદ થતાં થોડાક ગુણ માટે નાપાસ થતાં વિદ્યાર્થીઓને હવે પછી ફરીથી પરીક્ષા આપવી પડશે એવી પરિસ્થિતિનું નિર્માણ થશે.

### આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજીના

# વિદ્યાર્થીઓએ હાથ વડે ચાલતી દિવ્યાંગ સાઈકલ તૈયાર કરી



ગાંધીનગર, તા. ૧૯

આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી, વિનસ - ભોંયણ રાઠોડ, ગાંધીનગર ખાતે અભ્યાસ કરતા સૅમેસ્ટર-૮ના વિદ્યાર્થી શંકર, હરદીપ, હિરેન અને હર્ષદે પોતાના પ્રૉજેક્ટ અંતર્ગત હાથ વડે ચાલતી દિવ્યાંગ સાઈકલ બનાવી છે. જે હાલ બજારમાં પ્રવર્તમાન દિવ્યાંગ સાઈકલ કરતાં ઓછા બળ વડે ચાલી શકે છે. ‘પુશ ઍન્ડ પુલ’ સિદ્ધાંતથી આ સાઈકલ તૈયાર કરવામાં આવી છે. જૂની સાઈકલની ડિઝાઈન પ્રમાણે હેક હાથ વડે પૅડલ અને બીજા હાથ વડે સ્ટીયરિંગ વ્હીલ સંભાળવું પડતું હતું, જેથી સંચાલન મુશ્કેલ બની જતું હતું. હવે નવી ડિઝાઈનની સાઈકલમાં બંને હાથનો ઉપયોગ કરવાથી ઓછું બળ વપરાય છે. વળી સ્ટીયરિંગનો ઉપયોગ હૅન્ડલ તરીકે કરી શકાય એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ કારણે આ સાઈકલ ખૂબ જ આરામદાયક અને સરળ બની ગઈ છે. વળી, તેમાં પરંપરાગત સાઈકલ કરતાં વધુ ઝડપ પણ મેળવી શકાય છે. સાઈકલના મિકેનીઝમમાં એક લીવર, હિંજ, કનેક્ટિંગ રોડ, ક્રેન્ક અને બે ગિયર હોય છે અને આ ગિયરમાંથી એક ગિયર પાછળના બંને વ્હિલના શાફટ સાથે જોડાયેલા હોય છે. જ્યારે લીવરને ખેંચવામાં અથવા ધકેલવામાં આવે ત્યારે ક્રેન્ક ફરે છે અને ક્રેન્કની સાથે ગિયર જોડાયેલ હોવાથી શાફ્ટ ફરે છે ને વ્હીલચૅર આગળ તરફ ધકેલાય છે.

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

## કડવા પાટીદાર બાવીસી સમાજનું ગૌરવ : દિવ્ય



ગાંધીનગર, તા. ૧૮

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા, ગાંધીનગરના પૂર્વ સુપરવાઈઝર ગોરધનભાઈ ડી પટેલના ભાણેજ અને ભગવતીબેન રમેશકુમારના ચિરંજીવી દિવ્યએ ચાલુ સાલે ધોરણ-૧૨ સાયન્સ બી ગૃપમાં ૯૯.૯૨% પર્સેન્ટાઈલ રૅન્ક મેળવી બાવીસી સમાજનું ગૌરવ વધાર્યું છે.

# સાયન્સમાં નાપાસને પાસ થવા માટે કેટલી તક આપવી તે અંગે ટૂંકમાં નિર્ણય

### સાયન્સમાં સેમેસ્ટર રદ થતાં નાપાસ વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા ગોઠવવી પડશે : પૂરક પરીક્ષા જુલાઈમાં લેવાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારે ધોરણ-૯થી ૧૨માં સેમેસ્ટર સિસ્ટમ રદ કરી છે, જેના પગલે આ વર્ષે બોર્ડ દ્વારા છેલ્લી વખત સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવી હતી. જોકે, હવે આ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જુલાઈમાં પૂરક પરીક્ષા લેવાશે. પરંતુ ત્યારબાદ પણ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ થવા માટે કેટલી તક આપવી તે અંગે બોર્ડ દ્વારા ટૂંકમાં નિર્ણય લેવામાં આવશે. આ માટે બોર્ડમાં ટૂંક સમયમાં નિષ્ણાંતો સાથે ચર્ચા કરવામાં આવશે અને ત્યાર બાદ સત્તાવાર નિર્ણયની જાહેરાત કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર સરકારે ધોરણ-૯થી ૧૨માં સેમેસ્ટર સિસ્ટમ રદ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ હોવાથી છેલ્લું સેમેસ્ટર પૂર્ણ થાય ત્યાં સુધી સેમેસ્ટર સિસ્ટમ ચાલુ રાખવાનું નક્કી કરાયું હતું. દરમિયાન માર્ચ-૨૦૧૭માં બોર્ડ દ્વારા લેવામાં આવેલી સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષા સાથે સેમેસ્ટરની પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે. જેથી હવે સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ અસ્તિત્વમાં રહેશે નહીં.

જોકે, સાયન્સમાં ચાલુ વર્ષે જાહેર થયેલા પરિણામમાં ૨૫ હજાર કરતા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જેથી હવે આ વિદ્યાર્થીઓ માટે જુલાઈ માસમાં પૂરક પરીક્ષા લેવામાં આવશે. જોકે, પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ તો સેમેસ્ટર સિસ્ટમથી નીકળી જશે. પરંતુ જે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં પણ નાપાસ થશે તેમનું શું કરવું તે પ્રશ્ન હાલ શિક્ષણ બોર્ડને મુંઝવી રહ્યો છે.

સેમેસ્ટર સિસ્ટમ રદ થયા બાદ હવે બોર્ડ દ્વારા સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવનાર નથી ત્યારે નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ થવા માટે કેટલી તક આપવી તે અંગે બોર્ડે વિચારણા શરૂ કરી છે.

આ મુદ્દે ટૂંક સમયમાં બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સાયન્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ થવા માટે કેટલી તક આપી શકાય તે માટે નિષ્ણાંતો સાથે ચર્ચા કરવામાં આવશે. જેમાં સંભવત વધુ બે તક આપી શકાય તેમ હાલના તબક્કે લાગી રહ્યું છે. પરંતુ નિષ્ણાંતો દ્વારા આ મુદ્દે ચર્ચા વિચારણા કરી પોતાની ભલામણ કરશે અને તેના આધારે બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે. આ મુદ્દે બોર્ડ દ્વારા આગામી દિવસોમાં સ્પષ્ટતા કરવામાં આવશે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કેતનભાઈ પટેલના સહયોગથી ભીલોડા તાલુકાના ગડાદર તથા શોભાયડા ગામમાં બુધવારે બે બોર બનાવી આપવામાં આવ્યા હતા. ગડાદરમાં ફક્ત ૬૦ ફૂટ ઉંડે જ પાણી આવતાં ગામલોકો ખૂબ ખુશ થયા હતા. બંને બોર ૨૦૦ ફૂટ સુધી લઈ જવામાં આવ્યા હતા. આ બોરને કારણે બંને ગામોને પીવાના પાણી માટે લાભ થયો છે. મોટર, લાઈટ કનેક્શન વગેરે સુવિધા ગામ પાસે તૈયાર હતી ને કેટલાક બોર ફેઈલ પણ ગયા હતા પરંતુ મંગળવારે સંસ્થાના હોદ્દેદારો કેતનભાઈ સાથે રહી જગ્યાઓ તપાસી આવ્યા હતા અને એ પછી મંગળવારે નવો બોર સફળ રહ્યો હતો. આ સેવાકાર્યમાં મિલિન્દભાઈ ગુપ્તે, ભીમજી ગામેતી, યોગેશભાઈ તથા ગ્રામજનો ગોળ-ધાણી સાથે ઉપસ્થિત રહ્યા હતા. બોરનું કામ સફળ થતાં સૌએ પરસ્પર મીઠું મોઢું કરી ખુશી વ્યક્ત કરી હતી.

# રેડિયોલૉજી બ્રાન્ચની બેઠકો વધારે દર્શાવાતાં પીજી મૅડિકલ-ડૅન્ટલમાં પ્રવેશની કાર્યવાહી રદ

### બી. જે. મેડિકલ કોલેજે પોતાની ભૂલ સ્વીકારી લીધી

ગાંધીનગર, તા. ૧૯

પી.જી.મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે રેડિયોલોજી બ્રાન્ચની બેઠકો વધારે દર્શાવવાના કારણે તાજેતરમાં રિશફલિંગની તમામ કાર્યવાહી રદ કરવાની ફરજ પડી હતી. સામાન્ય રીતે આ પ્રકારની ભૂલ થતી નથી. પરંતુ બી.જે.મેડિકલ કોલેજ દ્વારા મોકલાયેલી બેઠકોની ખોટી માહીતીના કારણે સમગ્ર પ્રક્રિયા અટકાવવી પડી હતી. બી.જે.મેડિકલ કોલેજની સત્તાધીશોએ આ માટે કમિશ્નર અને મંત્રી સમક્ષ પોતાની ભૂલ સ્વીકારીને લેખિતમાં માફી માંગવી પડી હતી. આ પ્રકારની ખોટી કાર્યવાહીથી અનેક તર્કવિતર્ક ઉભા થયા છે. પી.જી. અને યુ.જી.મેડિકલમાં પ્રવેશ માટે ચાલુ વર્ષની નીટ ના આધારે અને કોમન કાઉન્સેલિંગ કરીને તમામ બેઠકો પર પ્રવેશ ફાળવવાનો નિર્ણય કરાયો હતો. સામાન્ય રીતે આ કાર્યવાહી અત્યાર સુધી પ્રવેશ સમિતિ એટલે કે બી.જે.મેડિકલ સ્થિત પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવતી હતી. આ વખતે સરકારે પોતે સમગ્ર પ્રક્રિયા હાથમાં લઈને અલગ પી.જી.મેડિકલ સમિતિની રચના કરીને ગાંધીનગર મેડિકલ કોલેજમાંથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પી.જી.મેડિકલનો પહેલો રાઉન્ડ પુરો પણ કરી દેવાયો હતો. તા.૧૬મીથી રિશફલિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નિયમ પ્રમાણે દરેક કોલેજોએ ઓલ ઈન્ડિયામાં ગયેલી બેઠકો અને ત્યારબાદ કોલેજમાં બાકી રહેતી બેઠકોની વિગતો પ્રવેશ સમિતિને આપવાની હોય છે. બી.જે.મેડિકલ કોલેજ દ્વારા રેડિયોલોજી બ્રાન્ચની કુલ ૧૩ બેઠકો ઉપલબ્ધ છે. જેમાંથી ૫ ઓલ ઈન્ડિયા કવોટામાં ગઈ હતી. ૧૩માંથી ખાલી પડેલી સાત બેઠકો અને છેલ્લે ખુલેલી એક બેઠક મળીને કુલ ૮ બેઠકોની વિગતો આપવાની હતી. પરંતુ બી.જે. કોલેજ દ્વારા રેડીયોલોજીની ૧૦ બેઠકો છે તેવી માહીતી આપવામાં આવી હતી. પી.જી.મેડિકલ કોલેજ દ્વારા બી.જે.મેડિકલ કોલેજે આપેલી માહીતી પ્રમાણે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી હતી. રિશફલિંગનો પહેલો દિવસ પુરો થયા બાદ બીજા દિવસની કાર્યવાહી શરૂ થવાની હતી તે દરમિયાન પી.જી.મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા બેઠકોની ગણતરી કરવામાં આવી હતી. જેમાં બે બેઠકો વધારે હોવાનું બહાર આવ્યુ હતુ. તપાસ કરતાં બી.જે.મેડિકલ કોલેજ દ્વારા જ બેઠકોની ખોટી માહીતી આપવામાં આવી હોવાની વિગતો બહાર આવી હતી. આ મુદ્દે તાકીદે બી.જે.મેડિકલ કોલેજના સત્તાધીશોને રૂબરૂમાં બોલાવવામાં આવ્યા હતા. બેઠકો વધારે આપી દીધા હોવાના પુરાવાઓ દર્શાવવામાં આવતાં આખરે બી. જે. મેડિકલ કોલેજના સત્તાધીશોએ પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી.